ત્યારબાદ તે જ તારીખે અધૂરા ભરાયેલા ઈક્વીટી શેરને પૂરા ભરપાઈ થયેલા કરવા બોનશ તથા દર બે ઈક્વીટી શેરે એક બોનશ શેર આપવાનો છે.

જરૂરી આમનોંધ લખી પાકુ સરવૈયુ તૈયાર કરો.

અથવા

પ્ર.૨ (૧૫)

(અ) રીડીમેબલ પ્રેફ. શેર પરત કરવા અંગે કંપની ધારાની જોગવાઈઓ જણાવો.

(બ) બોનશ શેર અંગેના માર્ગદર્શક સિદ્ધાંતો જણાવો.

પ્ર.૩ 'શ્યામ' લી.ના ચોપડે તા. ૩૧-૧૨-૧૫ના રોજ નીચે મુજબની બાકીઓ હતી. (૧૫)

| | | | |
|---|---|---|---|
| (૧) | ૧૫%ના ડિબેન્ચર | | રૂા. ૧૦૦૦૦૦ |
| (૨) | ડિબેન્ચર વટાવ | | રૂા. ૨૦૦૦૦ |
| (૩) | સિંકીંગ ફંડના રોકાણો પર મળેલ વ્યાજ | | રૂા. ૯૦૦૦૦ |
| (૪) | સિંકીંગ ફંડ | | રૂા. ૯૮૫૦૦૦ |
| (૫) | બેંક સિલક | | રૂા. ૨૦૦૦૦૦ |
| (૬) | સિંકીંગ ફંડના રોકાણો | | |
| | (અ) રૂા. ૩૨૫૦૦૦ના ૭% નેશનલ બોન્ડ | - ૩૧૫૦૦૦ | |
| | (બ) રૂા. ૨૨૦૦૦૦ના ૮% નેશનલ સેવિંગ્ઝ સર્ટી. | - ૨૩૦૦૦૦ | |
| | (ક) રૂા. ૨૭૫૦૦૦ના ૯% નર્મદા બોન્ડ | - ૨૮૫૦૦૦ | |
| | (ડ) રૂા. ૧૨૦૦૦૦ના ૧૦% ના યુનિટ ટ્રસ્ટ રોકાણ | - ૧૫૫૦૦૦ | |
| | | રૂા. ૯૮૫૦૦૦ | |

તે જ દિવસે નેશનલ બોન્ડ રૂા. ૯૦ના ભાવે, નેશનલ સેવિંગ્ઝ સર્ટી. ૧૦૫ના ભાવે, નર્મદા બોન્ડ ૮૦ના ભાવે અને યુનિટ ટ્રસ્ટના રોકાણો ૧૩૦ના ભાવે વેચ્યા.

તા. ૧-૧-૧૬ના રોજ રૂા. ૮૦૦૦૦૦ના ડિબેન્ચર ૫%ના પ્રીમીયમે પરત કરવા અને તે જ દિવસે રૂા. ૮૦૦૦૦ની ગુજરાત સરકારની લોન રૂા. ૧૦૫ના ભાવે ખરીદ કરવામાં આવી. કંપની દર વરસે ડિબેન્ચર પરતનીધિ ખાતે રૂા. ૩૦૦૦૦ નફામાંથી લઈ જાય છે. જરૂરી આમનોંધ લખી ખાતાઓ તૈયાર કરો.

અથવા

પ્ર.૩ 'રામ' લી.ના ચોપડામાં તા. ૩૧-૧૨-૧૫ના રોજ નીચેની બાકીઓ હતી. (૧૫)

| | | |
|---|---|---|
| ૧૫%ના ડિબેન્ચર | | ૧૦૦૦૦૦૦ |
| ડિબેન્ચર પરતનીધિ | | ૧૦૮૨૦૦૦ |
| ડિબેન્ચર પરતનીધિ રોકાણો: | | |
| ૧) ૧૦%ની કેન્દ્ર સરકારની લોન (દાર્શનિક કિંમતે ખરીદેલી) | - | ૫૨૮૦૦૦ |
| ૨) ૯%ના નેશનલ ડિફેન્સ બોન્ડ (દાર્શનિક કિંમત રૂા. ૫૬૦૦૦૦) | | ૫૪૨૦૦૦ |
| | | ૧૦૭૦૦૦૦ |

તા. ૩૧-૩-૧૬ના રોજ ૧૦% કેન્દ્ર સરકારની લોન ૧૧૦ના ભાવે અને બોન્ડ ૯૮રૂા.ના ભાવે વેચ્યા તે જ તારીખે ડિબેન્ચર રૂા. ૧૦૭.૫૦ પૈસા લેખે ચઢેલા વ્યાજ સાથે પરત કરવામાં આવ્યા. ડિબેન્ચર વ્યાજ તા. ૩૧-૧૨-૧૫ સુધી ચૂકવેલ હતું.

કંપનીના ચોપડામાં આમનોંધ લખી જરૂરી ખાતાઓ તૈયાર કરો.

પ્ર.૪ ઘસારા અંગેનું હિસાબી ધોરણ (AS-6) સમજાવો. (૧૫)

અથવા

પ્ર.૪ સ્ટોકના મૂલ્યાંકન અંગેનું હિસાબી ધોરણ (AS-2) સમજાવો. (૧૫)